# પ્રાંતિજ ખાતે ભોઈ સમાજની મહિલાઓ દ્વારા જલયાત્રા



પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે શિગોડા ભોઈ સમાજની મહિલાઓ દ્વારા મટકી યાત્રા (જલયાત્રા) કાઢવામાં આવી હતી જેમાં ભોઈ સમાજની મહિલાઓ દ્વારા માથે મટકી મુકીને યાત્રામાં જોડાઈ હતી.

પ્રાંતિજ ખાતે રહેતાં શ્રીમાળી શિગોડા ભોઈ સમાજની મહિલાઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવાસુદ નોમના પ્રવિત્ર દિવસે મોટા માઢેથી ગાગર બેલડી જલયાત્રા કાઢવામાં આવી હતી જયારે સંતાન પ્રાપ્તિ અને કુટુંબના કલ્યાણ અર્થે તેવો માતાજીની બાધા રાખે છે અને શિગોડા ભોઈ સમાજ પાણી સાથે સંકળાયેલો છે જેથી જળ દેવતાની તેઓ શ્રધ્ધા પૂર્વક પૂજા અર્ચના કરે છે અને માતાજીની બાધા પણ રાખતાં હોય છે ત્યારે આ પવિત્ર દિવસે સમાજની મહિલાઓ મહાકાલી પાસે આવેલ મંદિરે એકઠાં થઈને આ દિવસે સમુહમાં માનેલ બાધા પૂર્ણ થતાં અને જલ દેવની પૂજા માટે માથે બેડામૂકી ઢોલ નગારા સાથે પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ જલયાત્રા નેશનલ હાઈવે આઠ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે જઈને જલયાત્રા સમાપન કરવામાં આવે છે.

## ધાનેરા સવાણી પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

પમી સપ્ટેમ્બર ભારતના રાષ્ટ્રપતિ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણ ના જન્મદિન તરીકે ઊજવાય છે ભારતના રાષ્ટ્રપતિ જેઓ પ્રથમ શિક્ષક પણ હતા ત્યાર બાદ તેઓ રાષ્ટ્રપતિ પણ બન્યા ભારતમાં આજના દિને ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિન તરીકે દેશભરમાં ઉજવણી કરવામાં આવે છે ધાનેરા વી. એન. સવાણી પ્રાથમિક શાળામાં શાળાના બાળકોએ શિક્ષક તરીકેનો ભૂમિકા ભજવી હતી અને બાળકોને ભણાવ્યા હતા ત્યારબાદ સાંજે શિક્ષક બનેલ દરેક બાળકો એ શિક્ષક તરીકેનો આજના દિવસનો અભિપ્રાય આપ્યો હતો અને જેઓએ કયુ હતુ કે શિક્ષક બનવું સહેલું નથી આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી જશવંતભાઈ જોશી એ બાળકોના શિક્ષક દિન પ્રસંગે તરીકે ની ઉજવણી કરાઈ હતી.

## દાંતાથી અંબાજી માર્ગ પર શીલા ધસવાનો ભય અધિકારીઓ જે તે એજન્સી પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે

દાંતાથી અંબાજી માર્ગ પર ભેખડો ધસવાનો ભય સતાવી રહ્યો છે. દાંતાથી અંબાજી માર્ગ પર ત્રિશુળીયા ઘાટ સહિત આ માર્ગ પર જે ભેખડો આવેલી છે અને ફોરલાઈન માર્ગને કારણે આ ભેખડમાં તોડફોડ કરાઈ છે જેને લઈને આ ભેખડોમાં પોલ પડી ગઈ છે અને ગમે ત્યારે ભેખડો ધસી પડવાનો ભય સતાવી રહ્યો છે. ૮ સપ્ટેમ્બરથી મા અંબાના ભાદરવી પૂનમનો મેળો શરૂ થઈ રહ્યો છે. લાખો યાત્રિકો પગપાળા અહિંથી ચાલતાં જશે ત્યારે આ ભેખડોને લઈને અત્યારે કોઈ પણ પ્રકારનું પ્રોટેકશન બનાવાયું નથી અને માર્ગ પણ એકદમ



ક્ષતિગ્રસ્ત છે ત્યારે પગપાળા યાત્રિકો ભયના ઓથાર હેઠળ મા અંબાની પગપાળા યાત્રા કરે એવી પરિસ્થિતિ સર્જાય છે ત્યારે આરએન્ડબીના અધિકારીઓના ઉડાઉ જવાબ આપી રહ્યા છે ત્યારે પગપાળા યાત્રિકો ભયના ઓથાર હેઠળ પસાર થવાનો ભય છે. વાહનચાલકોને પણ ગમે ત્યારે અકસ્માત નડી શકે છે ત્યારે અધિકારીઓ જે તે એજન્સી પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે અને એજન્સી અધિકારીઓ ઉડાઉ જવાબ આપી રહ્યા છે અને કોન્ટ્રાક્ટરો આ કામને પોતાના માથે લેવામાં એ તૈયાર જ નથી.

## નવલપુર પ્રાથમિક શાળાનું ગૌરવ

અરવલ્લી જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક કાર્યક્રમ ૫ સપ્ટેમ્બર, શિક્ષકદિનના રોજ ટાઉનહોલ, મોડાસા ખાતે ગુજરાત રાજ્યના મંત્રી રમણલાલ પાટકર સાહેબની અધ્યક્ષતામાં અને જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલિસ વડા, જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારીની ઉપસ્થિતીમાં યોજાઈ ગયો.

જેમાં ધનસુરા તાલુકાની નવલપુર પ્રાથમિક શાળાના ઉ.શી. કૌશલ હેમંતકુમાર વ્યાસને તેમના શિક્ષણ ક્ષેત્રે કરેલા નવતર પ્રયોગો માટે તેમને ધનસુરા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મળતા તા.પ્રા.શી.અ., બી.આ.સી કો., સી.આર.સી કો., જૂથ મંત્રી વડાગામ,બીટમંત્રી આકરુન્દ તથા શાળા પરિવાર અને એસ.એમ.સી. સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજમાં ગણેશ મહોત્સવની થઈ રહેલી ધામધૂમથી ઉજવણી

પ્રાંતિજ, તા. ૬



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દુધાળા દેવ ભગવાન ગણેશની મૂર્તિ વિવિધ ગણેશ મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવી છે અને સવાર-સાંજ ભગવાન ગણેશની આરતી ઉતારી પૂજા અર્ચના કરી ભક્તો દ્વારા ભગવાન વિઘ્નહર્તાને રીઝવતા નજરે જોવાં મળે છે.

પ્રાંતિજ સહિત તાલુકામાં ભગવાન ગણેશની સ્થાપના કરવામાં આવી છે અને ગણેશ ભકતો દ્વારા દાદાને રીઝવવામા આવે છે. ત્યારે પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ પંડ્યાપોળ ખાતે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાપ્પાની મૂર્તિનું સ્થાપન કરી સવાર-સાંજ આરતી પૂજા કરવામાં આવે છે અને વિઘ્નહર્તાને ભાવતાં ભોજન પ્રસાદ સહિતની વિવિધ રીતે બાપ્પાને દસ દિવસ માટે પંડ્યા પોળ ગણેશ યુવક મંડળ દ્વારા સેવા કરવામાં આવે છે. આરતી બાદ ગણેશ ચોકમાં બાળકો સહિત મહિલાઓ ગરબે ગુમતા નજરે પડે છે.





## પાલનપુરમાં ગણેશ મહોત્સવ ધૂમ મચાવી રહ્યો છે....

પાલનપુરના ગોળાઈ કા રાજા એવા ગણપતિ મહોત્સવ ગણેશ ચતુર્થીની આજ દિન સુધી દરરોજ રાત્રે પ્રસાદ આરતી, પુજા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો જાવા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. છેલ્લા બે દિવસથી રાત્રીના સમયે પણ ભારે વરસાદના ઝાપટા વચ્ચે પણ નગરજનો પલળતાં પલળતાં પણ શ્રીજીના સાનિધ્યમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની મજા માણી રહ્યા છે. ગતરોજ સ્વસ્તિક ગ્રુપ દ્વારા લોકડાયરો જાવા નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ. આ મહોત્સવ સમિતીના અગ્રણીઓ પ્રકાશભાઈ અગ્રવાલ, દિનેશ પંચાલ, સહીતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# ધનસુરાના ખડોલ નજીક વાત્રક નદીમાં ગણેશ વિસર્જનમાં કેશરપુરા ગામના ૬ યુવાનો ડૂબ્યા : ૨ મૃતદેહ મળ્યા



અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના ખડોલ નજીક પસાર થતી વાત્રક નદીના પટમાં કેશરપુરા ગણેશ વિસર્જન કરવા આવેલા ૬ યુવાનો નદીમાં ડૂબી જતા ભારે ચકચાર મચી હતી ૬ યુવકો વાત્રક નદીમાં ડૂબી ગયા હોવાની ઘટનાની જાણ થતા મોટી સંખ્યામાં કેશપુરા ગામ સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો ઉમટ્યા હતા સ્થાનિક તરવૈયાઓએ નદીમાં જંપલાવી પાણીમાં ગરકાવ થયેલા યુવકોની શોધખોળ આદરી હતી ઘટનાસ્થળે વહીવટી તંત્ર અને પોલીસતંત્ર પહોંચ્યું હતું બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ઘટનાસ્થળે પહોંચી નદીમાં ડૂબેલા યુવકોના પરિવારજનો ને શાંત્વના આપી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગણેશ ચતુર્થીના દિવસે ગણેશજી ની સ્થાપના કર્યા પછી શુક્રવારે બપોરે કેશરપુરા ગામના યુવકો વાજતે-ગાજતે ગ્રામજનો સાથે ગણપતિ વિસર્જન માટે વાત્રક નદીના પટમાં પહોંચ્યા હતા ઉપરવાસમાં વરસાદના પગલે વાત્રક નદીમાં ગણપતિની મૂર્તિને ડુબાડવા જતા નદીના પ્રવાહમાં ૭ જેટલા યુવકો એકાએક નદીના પ્રવાહમાં તણાઈ જતા સ્થાનિકોએ બુમરાણ મચાવતા સ્થાનિક તરવૈયાઓ દોડી આવી ૧ યુવકને બચાવી લીધો હતો અન્ય પાણીના પ્રવાહમાં તણાયેલા અને નદીમાં ડૂબેલા ૬ યુવકોની શોધખોળ હાથધરી હતી ઘટનાસ્થળે મોડાસા અને બાયડ ફાયેબ્રિગેડની ટિમો તરવૈયાઓ સાથે પહોંચી ભારે શોધખોળ આદરી હતી જેમાં ૨ યુવકોના મૃતદેહ મળી આવ્યા હતા અન્ય ૪ યુવકોની શોધખોળ હાથધરી હતી અંધારું થઈ જતા મૃતદેહ શોધવામાં ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

વાત્રક નદીમાં કેશરપુરા ગામના ૬ યુવકો ગણેશ વિસર્જનમાં નદીના વહેણમાં ડૂબી જતા ભારે રોકોક્કળ મચી હતી યુવકોના પરિવારજનોએ ભારે આક્રંદ કરી મૂક્યું હતું બે યુવકોના મૃતદેહ બહાર કાઢતાની સાથે હૈયાફાટ રુદનથી ભારે ગમગીની છવાઈ હતી કોણ કોને સાંત્વના આપે તેવા રુંવાટા ખડા કરી દેનારી ઘટનાથી ગ્રામજનો આઘાતમાં સરી પડ્યા હતા.



### ડુબનારનું નામ

૧. સોલંકી લાલાભાઈ જયંતિભાઈ (ઉ.૩૫) મતૃદેહ મળેલ છે.
૨. સોલંકી જતીનભાઈ વિઠ્ઠલભાઈ (ઉ.૧૮)
૩. સોલંકી ગોપાલભાઈ નટુભાઈ (ઉ.૨૩)
૪. સોલંકી ભાવેશભાઈ સુરેશભાઈ (ઉ.૧૮)
૫. સોલંકી કનુભાઈ માલાભાઈ (ઉ.૩૪)
૬. સોલંકી યશવંતભાઈ કેશાભાઈ (ઉ.૩૫)
૭. ખાંટ કમલેશભાઈ મનોજભાઈ (બચાવ થયેલ છે.)